જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૧/૨૦૧૮ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૪૯/૧૮

પાલડી પોલીસ સ્ટેશન :

**ઓ.એલ.એક્ષ ઉપરથી ફોટોગ્રાફીનું કામ કરાવવા માટે ફોટોગ્રાફરનો નંબર મેળવી બોલાવી ડીજીટલ કેમેરાની લુટ ચલાવતા ઈસમોનો ઘરપકડ કરતી પાલડી પોલીસ**

## પ્રેસનોટ

મે.સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર- ૧ તથા મે.ના.પો.કમિ.શ્રી ઝોન- ૭ તથા મ.પો. કમી. શ્રી "એન" ડિવીઝન નાઓએ પો.સ્ટે. વિસ્તારમા મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ વણ શોધાયેલ ગુના શોધી કાઢવા આપેલ સુચના અન્વયે આજરોજ અમો તથા પો.સ.ઈ એફ.એ. તથા સાથેના અ.હે.કોન્સ. ગજેન્દ્રસિંહ ઈશરારસિંહ બ.નં-૬૨૫૪ તથા લોકરક્ષક જયમીન મહેશભાઇ બ.નં- ૧૨૭૧ તથા લોકરક્ષક નરેન્દ્રસિંહ બળવંતસિંહ બ.નં- ૧૨૪૦ નાઓ સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન લોકરક્ષક જયમીન મહેશભાઇ બ.નં- ૧૨૭૧ નાઓને ખાનગી રાહે બાતમી મળેલ કે પાલડી પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- ૧૦૬/૨૦૧૮ ઈ.પી.કો કલમ ૩૯૨, ૧૧૪ મુજબના કામે ફોટોગ્રાફી કરવાના કેમેરાની લુટ કરનાર બે ઈસમો કેમેરા લઇને હિરો કંપનીનું સ્પ્લેન્ડર પ્રો મો.સા નં- જી.જે-૨૭-એલ-૫૫૯૯ નું લઈને પોતાના કબજામાં ફોટોગ્રાફી કરવા માટેના કેમેરા કાળા કલરની કેમેરા મુકવાની બેગમાં મુકી લઇ એન.આઈ.ડી સર્કલ થી જમાલપુર તરફ નિકળનાર છે. જે ફોટોગ્રાફી કરવા માટેના કેમેરા તેઓએ વિશ્વકુંજ ચાર રસ્તા પાસેથી તથા જલારામ ડેરી કોમલ એન્કલેવ સામેથી લુટ કરેલ છે જે હકીકત આધારે ઉપરોક્ત ઈસમોની વોચમાં હતા દરમ્યાન બાતમીવાળા ઈસમો આવતા તેઓને રોકી જડતી તપાસ કરતાં (૧) હર્ષિલ જીતેન્દ્રભાઇ પટેલ ઉ.વ ૧૯ રહે, ૪, યોગીરાજ બંગલોઝ ઈન્દ્રપુરી ટાઉનશીપ જસોદાનગર અમદાવાદ શહેર પાસેથી મળી આવેલ એક નિકોન કંપનીનો કેમેરો કાળા કલરનો મોડલ નં- ૩૪૦૦ ડી ડ્યુઅલ લેન્સ વાળો જેની કિં.રૂ. ૩૮,૦૦૦/- ની મત્તાનો તથા કેમેરા મુકવાની કાળા કલરની બેગ કિં.રૂ. ૦૦/૦૦ ની તેમજ બીજા ઇસમ નામે (૨) મૌલીક ધીરજભાઇ ગજ્જર ઉ.વ. ૧૮ રહે, ૪/૧૯, શંકરનગર રબારી કોલોની સામે અમરાઈવાડી અમદાવાદ શહેર નાઓ પાસેથી એક કેનન કંપનીનો મોડલનં- ૭૫૦ ડી જે સિંગલ લેન્સ કેમેરો જેની કિં.રૂ. ૪૨,૦૦૦/- ની મત્તાનો તથા કેમેરા મુકવાની કાળા કલરની બેગ કિં.રૂ. ૦૦/૦૦ ની મત્તાનો તથા અંગઝડતી દરમ્યાન પેન્ટના ખિસ્સામાંથી એક કાળા કલરનો નોકીયા કંપનીનો કિપેડ વાળો સાદો મોબાઈલ ફોન મળી આવેલ જેની કિં.રૂ ૫૦૦/- ગણી તથા ગુનામાં ઉપયોગ કરેલ હિરો કંપનીનું સ્પ્લેન્ડર પ્રો મો.સા નં- જી.જે-૨૭-એલ-૫૫૯૯ નું કિં.રૂ. ૩૦,૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ. ૧,૧૦,૫૦૦/- મુદામાલ મળી આવતા ઉપરોક્ત બન્ને આરોપીઓની પુછપરછ કરતા ઓ.એલ.એક્ષ ઉપરથી ફોટોગ્રાફીનું કામ કરાવવા માટે ફોટોગ્રાફરનો નંબર મેળવી આજથી પચ્ચીસ એક દિવસ પહેલા ફોટોગ્રાફી કરાવવા માટે બોલાવતા વિશ્વકુંજ ચાર રસ્તા આગળ નિકોન કંપનીનો કેમેરો લઈ આવેલ ફોટોગ્રાફર તથા આજથી પંદરેક દિવસ પહેલાં જલારામ ડેરી કોમલ એન્કલેવ પાસે કેનોન કંપનીનો કેમેરો લઈ આવેલ ફોટોગ્રાફરોને બોલાવી ફોટોગ્રાફીના ભાવતાલ નક્કી કરતા હોય તે દરમ્યાન ફોટોગ્રાફર પાસેથી કેમેરો ઝુટવી મો.સા પર બેસી નાસી જઈ બન્ને જણાએ ભેગા મળી કેમેરાની લુટ કરેલ હોવાનું જણાવેલ હોય ઉપરોક્ત ગુનાના કામે બંન્ને આરોપીઓને ઉપરોકત ગુન્હમા તા.૧૬/૧૧/૨૦૧૮ ના કલાક ૧૯/૩૦ વાગે અટક કરેલ છે. જે બાબતે સદરી ઇસમના વિરૂધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરેલ છે.તા.૧૭/૧૧/૨૦૧૮

<u>રખિયાલ પોલીસ સ્ટેશન :</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સે-૨ સાહેબની સુચના મુજબ પ્રોહી, જુગારના કેસો શોધી કાઢવા સારૂ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પો.કમિ.શ્રી."એચ" ડિવીઝન નાઓ તરફથી મળેલ સુચના માર્ગદર્શન આધારે આજરોજ તા. ૧૮/૧૧/૧૮ ના રોજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી એમ.પી.પઠાણ સાહેબના તથા પો.સ.ઇ જે.જે.ગઢવી તથા સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરતા ફરતા કલાક- ૧૨/૧૫ વાગ્યે રખિયાલ લલ્લુ રત્નાના છાપરા ખાતેથી મળી આવેલ ગીતાબેન વા/ઓ કીરીટભાઇ પટણી ઉવ ૩૪ રહે રહે, રહે લલ્લુ મોતીની ચાલી , ચમનપુરા અસારવા અમદાવાદ શહેર નાની મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરની કચેરીના હુકમ ક્રમાંક પી.સીબી/હદપ/૭૦/૨૦૧૭ તા.૦૧/૦૮/૧૭ ના હુકમ જેમાં અ'વાદ શહેર તથા અ'વાદ ગ્રામ્ય ગાંધીનગર ખેડા મહેસાણા વિગેરે શહેર માંથી બે વર્ષ માટે હદપાર કરવાનો હુકમ કરેલ હોવા છતા સદરી બાઇ અત્રે આવી તડીપાર હુકમનો ભંગ કરી આજરોજ તા.૧૮/૧૧/૧૮ ના ક. ૧૨/૪૫ વાગે રખિયાલ લલ્લુ રત્નાના છાપરા ખાતેથી મળી આવતા સદરીની વિરુધ્ધમા જી.પી.એક્ટ કલમ ૧૪૨ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

<u>બાપુનગર પોલીસ સ્ટેશન :</u>

## <u>તડીપાર ઇસમને પકડતો બાપુનગર પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોર્ડ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા.તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "એચ"ડીવીજન અમદાવાદ શહેરનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા જાળવા કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સપેક્ટર શ્રી. એચ.બી.ચૌધારી સાહેબનાઓએ માર્ગદર્શન હેઠળ બાપુનગર પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ. કે.પી.તરેટીયા તથા પો.કો. હાર્દિકકુમાર દુર્ગાશંકર બ.નં. ૬૪૦૨ તથા પો.કો. ધર્મેન્દ્રસિંહ અમરસિંહ બ.નં. ૭૩૬૦ તથા લો.ર.સિધ્ધરાજસિહ ગજેન્દ્રસિહ બ.ન. ૬૬૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.કો. હાર્દિકકુમાર દુર્ગાશંકરનાઓને ખાનગી બાતમી હકીકત આધારે અત્રેના બાપુનગર પો.સ્ટે.થી અમદાવાદ શહેર તથા તેને સંલગ્ન જીલ્લામાંથી તડીપાર કરેલ ઇસમ હર્ષદ ઉર્ફે ઢોલીયો શ્રવણભાઇ પ્રજાપતિ ઉવ. ૨૯ રહે. રામદેવનગરની ચાલી ભીડભંજન રોડ બાપુનગર અમદાવાદ શહેરનાનો અમદાવાદ શહેરમાં બાપુનગર ચાર રસ્તા જાહેર રોડ ઉપર કોઇ અધીકૃત અધીકારી કે કોર્ટનાં લખાણ કે પરવાના વગર અમદાવાદ શહેરમાં પ્રવેશ કરી મળી આવેલ હોય આજ રોજ તા.૧૭/૧૧/૧૮ ના કલાક ૧૮/૪૫ વાગે પકડી અટક કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૧૭/૧૧/૨૦૧૮

**<u>સરખેજ પોલીસ સ્ટેશન :</u>**

મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ નાઓની સુચના તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓનાં માર્ગદર્શન હેઠળ અત્રેનાં સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિ/જુગારની પ્રવુતિઓ ડામવા સારૂ સુચના આપતા હેડ.કોન્સ. શૈલેન્દ્રસિંહ મનુભા બ.નં. ૮૩૩૪ તથા પો.કોન્સ. દશરથભાઇ ભીખાભાઇ બ.નં. ૯૬૯૨ તથા પો.કોન્સ. સહદેવસિંહ ઘનશ્યામસિંહ બ.નં. નાઓએ ખાનગી બાતમીદારો દ્વારા માહીતી મેળવી આરોપીઓ નં(૧)ભેરૂસિંગ દેવાભાઈ રાઠોડ (છારા) ઉ.વ-૨૮ રહેવાસી શિવમ એસ્ટેટ દીપકમલ શો-રૂમ પાસે ઉજાલા સર્કલ પાસે સરખેજ અમદાવાદ શહેર તથા નં (૨)ગૌતમભાઈ ગમજીભાઈ રાઠોડ(છારા) ઉ.વ-૩૬ રહેવાસી- શિવમ એસ્ટેટ દીપકમલ શો-રૂમ પાસે ઉજાલા સર્કલ પાસે સરખેજ અમદાવાદ શહેર નાઓના કબજા ભોગવટા વાળી ઓરડીમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની મોટી જુદી જુદી બ્રાન્ડની બોટલ કુલ્લે નંગ ૧૩૮૦ ની કિંમત રૂપિયા ૪,૧૪,૯૬૦/-ની તથા બે નંગ મોબાઇલ ફોનો કિંમત રૂપિયા ૭૫૦૦/-નાં તથા એક જ્યુપીટર ક્લાસીક સ્કુટર મો.સા. કિંમત રૂપિયા ૨૫,૦૦૦/-નું મળી કુલ્લે રૂપિયા ૪,૪૭,૪૬૦/-નાં મુદ્દામાલ સાથે પકડી બન્ને આરોપીઓને તારીખ ૧૭/૧૧/૨૦૧૮ નાં કલાક ૧૯/૦૦ વાગે પકડી ગુન્હો શોધી કાઢવામાં આવેલ છે.

**<u>અમરાઇવાડી પોલીસ સ્ટેશન :</u>**

<u>અમરાઇવાડી પોલીસ સ્ટેશનના અનડિટેક્ટ મર્ડરના ગુનાનો ગણતરીના કલાકમાં ભેદ ઉકેલી આરોપીને ઝડપી પાડતો નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૫ સ્કોડ તેમજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ</u>

અમરાઇવાડી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૨૦૪/૨૦૧૮ ઇપીકો કલમ ૩૦૨ મુજબના કામના ફરીયાદી ચંપાબેન તે છનાભાઇ સેધાજી દંતાણી ની વિધવા ઉ.વ.૫૦ રહેવાસી ત્રીવેણીની ચાલી જોગણી માતાના મંદીરની બાજુમાં અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ વતન ગામ મેરવાડા તા.જી મહેસાણા નાઓની ફરીયાદના કામે તા.૧૫.૧૧.૨૦૧૮ ના કલાક ૨૦/૩૦ થી તા.૧૬.૧૧.૨૦૧૮ ના કલાક ૧૦/૦૦ વાગ્યા સુધી કોઇપણ સમયે ફરી.બેનના દિકરા મહેશ ઉ.વ.૨૬ ની સાથે મરનારના ઘરમાં કોઇ અજાણ્યા ઇસમે ફરી.બેનના દિકરા મહેશ સાથે કોઇપણ કારણસર બોલાચાલી ઝઘડો કરી ગળે ટુપો આપી મોત નીપજાવી નાસી ગયેલ હોય જે અજાણ્યા આરોપીને શોધી કાઢવા સારૂ મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનરશ્રી સેક્ટર-૨ સાહેબની સુચનાથી નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૫ સાહેબના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ કમિશનશ્રી ઝોન-૫ સ્કોડ તેમજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડની અલગ-અલગ ટીમો બનાવી તપાસ કરી ગણતરીના કલાકોમાં જ ગુનાનો ભેદ ઉકેલી આરોપી અજયભાઇ મુકેશભાઇ ડંઢાયા (દેવીપુજક) ઉ.વ.૧૯ રહેવાસી મોતીભાઇ રબારીના મકાનમાં ગેટ નં.૧ રબારી કોલોની અમરાઇવાડી અમદાવાદ શહેર નાને પકડી પાડેલ છે અને આગળની તપાસ ચાલુ

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.